

# ભાવ શ્રામણ્ય ઝંખના

(રાગ : હરિગીત છંદ)

સંસારના સમસ્ત દુઃખોથી કાયમ માટે છૂટકારો
મેળવવા ઈચ્છતા હો તો આ સ્તુતિઓનો
રોજ એકવાર પાઠ અવશ્ય કરવો.


રચયિતા :

દીક્ષાદાનેશ્વરી આચાર્ય શ્રી ગુણરત્નસૂરિજી મ.સા.
ના શિષ્યરત્ન આચાર્ય શ્રી રશ્મિરત્નસૂરિજી મ.સા.
ના શિષ્ય પંન્યાસ શ્રી હીરરત્નવિજયજી મ.સા.


Scanned by CamScanner

જે વેશ મેળવવા તરસતાં, ઇન્દ્ર પણ સુરલોકમાં,
જે વેશ દે નિશ્ચિંતતા આલોક ને પરલોકમાં,
તે વેશ મુજને પણ ફળે, સામર્થ્ય એવું આપજો,
હે નાથ ! ભાવ શ્રામણ્યનું વરદાન મુજને આપજો...૧

શુદ્ધાત્મભાવે થિર રહી, અપ્રમત્ત ગુણઠાણું વરું,
સમ શત્રુ મિત્ર વિશે બની, પરભાવને શત્રુ ગણું,
ઉપસર્ગ-પરિષહ પણ મને, મમ પ્રિય બાંધવ લાગજો,
હે નાથ ! ભાવ શ્રામણ્યનું વરદાન મુજને આપજો...૨

દ્વાદશ તપો, દશવિધ યતિધર્મો થકી ભાવિત બનું,
ને અષ્ટપ્રવચન માતનો હું લાડકો બાળક બનું,
નહિ લોકમાં પણ શ્લોકમાં નિશદિન રમતો રાખજો,
હે નાથ ! ભાવ શ્રામણ્યનું વરદાન મુજને આપજો...3

Scanned by CamScanner

મન-વચન-કાયાથી સદા નિર્દંભતા કન્યા વરું,
ને જડ અને ચેતન વિશે નિ:સ્પૃહતા સ્વામી બનું,
નહિ શિષ્ય પણ 'શિષ્યત્વ' ઝંખું લોભ એવો આપજો,
હે નાથ ! ભાવ શ્રામણ્યનું વરદાન મુજને આપજો...૪

નહિ રક્ત પણ નસ-નસમહીં બસ દાઝ શાસનની વહો,
તજવા પડે નિજ પ્રાણ તો પણ મન સદા ઉત્સુક રહો,
'સૌને કરું શાસનરસી' એ વ્યસનમાહીં ડુબાડજો,
હે નાથ ! ભાવ શ્રામણ્યનું વરદાન મુજને આપજો...૫

ગુણરાગ હો હૈયે સદા, નિંદા કરું ના સ્વપ્નમાં,
જીવોતણા દુ:ખ જોઈને, અશ્રુ સરે મુજ નયનમાં,
ગુણગાન દેવો પણ કરે, એવો પવિત્ર બનાવજો,
હે નાથ ! ભાવ શ્રામણ્યનું વરદાન મુજને આપજો...૬

Scanned by CamScanner

નિશ્ચય અને વ્યવહારનું, કરું સંતુલન જીવનમહીં,
ઉત્સર્ગમાર્ગે ફોરવું નિજ સત્ત્વ હું પળપળમહી,
સ્વાદુ નહિ સાદું જીવન આદર્શ મારું બનાવજો,
હે નાથ ! ભાવ શ્રામણ્યનું વરદાન મુજને આપજો...૭

હો વિનય ગૌતમ સમ અને ધન્ના સમી હો પરિણતિ,
સંકલ્પ ગજસુકુમાલ સમ, અતિમુક્ત સમ હો જાગૃતિ,
વૈરાગ્ય જંબુસ્વામી સમ, મમ જીવનમાં ઝળહળ થજો,
હે નાથ ! ભાવ શ્રામણ્યનું વરદાન મુજને આપજો...૮

મરણે સમાધિ ભાવ હો, શાસન ફળો ભવોભવ મને,
ને મુક્તિ ના મળે ત્યાં સુધી હો પ્રશમસુખ અનુભવ મને,
મુજ આત્મની ગુણરશ્મિ પ્રગટે 'હીર' એવું વધારજો,
હે નાથ ! ભાવ શ્રામણ્યનું વરદાન મુજને આપજો..૯

Scanned by CamScanner